રજુ તારીખ : ૧૦/૦૮/૨૦૨૦
દાખલ તારીખ: ૧૦/૦૮/૨૦૨૦
ફેંસલ તારીખ: ૨૫/૦૬/૨૦૨૬
સમયગાળો : વર્ષ, માસ, દિવસ
05 10 15

# રાપરના મહે.જયુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.જજ સાહેબની કોર્ટમાં, મુકામ–રાપર.

**ફોજદારી કેસ નં. ૩૭૩/૨૦૨૦**
**આંક** :–

**ફરીયાદી:–** સરકારશ્રી,

–––– વિરુધ્ધ ––––

**આરોપી :–** **વિરમભાઈ છગનભાઈ સુરાણી (કોલી),**

રહે. ગામ અંજાર નગરપાલીકા સામે, અંજાર (કચ્છ).

==================================================================

ફરિયાદપક્ષ તરફે વિ.સ્પે.એ.પી.પી. શ્રી આર.એમ.પરમાર
આરોપીપક્ષ તરફે વિ.વકીલશ્રી એન.એ.ગરવા

==================================================================

**પ્રોહીબીશન એકટ કલમ : ૬૫(એઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ...**

## – :: ઠરાવ :: –

(૧) ફરિયાદી પક્ષનાં કેસની વિગત ટુંકમાં એવી છે કે, આ ગુન્હા કામના પકડાયેલા આરોપી વિરમ છગન કોલીના માલિકીના ટ્રક નં જીજે–૦૭–ઝેડ–૭૫૨૪ કી.રૂ ૭.૦૦,૦૦૦/–વાળામાં આ ગુન્હા કામના નાશતા ફરતા આરોપી પુના ભાણા ભરવાડએ ગેરકાયદેસર રીતે ગુજરાત રાજયમા દારુબંધી એરીયામાં ભારતીય બનાવટનો અલગ –અલગ બ્રાન્ડનો અંગ્રેજી દારૂની કુલ બોટલ નંગ– ૨૩૫૨ કંપની શલીબંધ જેની કુલ કિ.રૂ. ૯.૮૧.૧૮૦/–નો આરોપીઓએ એકબીજાની મદદગારીથી વેચાણઅર્થે મંગાવી ઉપરોક્ત ટ્રકમાં અંગ્રેજી દારૂ વેચાણ કરવા ભરી કચ્છ જીલ્લામાં ઘુસાડી આમ કુલે કિ.રૂ. ૧૬,૮૧,૧૮૦/– ના મુદામાલ સાથે મજકુર આરોપી વિરમ છગન કોલી રહે,અંજાર વાળો પકડાઈ જઈ તેમજ વોન્ટેડ આરોપી પુના ભાણા ભરવાડ રહે,રાપર વાળો તથા સંજય પ્રભુભાઈ કોલી રહે.કીડીયાનગર તા,રાપર વાળો તપાસ દરમ્યાન મળી આવેલ ન હોય,પ્રોહીબીશન એકટ કલમ– ૬૫(એઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ ગુન્હો કરેલ હોવાથી આડેસર પોલીસ સ્ટેશનમાં ગુના રજી.નં. ૫૧૯૮/૨૦૧૮ ગુનો દાખલ કરવામાં આવેલ અને તે મુજબના ગુન્હાનું ચાર્જશીટ ત.ક.અ. દ્વારા અત્રેની કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૨) આ કામમાં આરોપી અદાલત સમક્ષ હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૨૦૭ અન્વયે વિના મુલ્યે આપ્યા બાદ આરોપી સામે આંક-૦૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીનું આંક-૦૬ નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલ છે.

(૩) આ કામમાં ફરીયાદપક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| -:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::- | |
|---|---|
| **અનુ. નં.** | **વિગત** |
| ૧. | આંક-૧૯ થી ફરીયાદી રમેશભાઈ તુલસીભાઈ પટેલ |
| ૨. | આંક-૨૮ થી પંચસાહેદ ભરતભાઈ દાનાભાઈ પરમાર |
| ૩. | આંક-૩૦ થી પંચસાહેદ શીવાભાઈ બાબુભાઈ ઘાયટી |
| ૪. | આંક-૩૬ થી પોલીસ સાહેદ નટવરજી વેલાજી ઠાકોર |
| ૫. | આંક-૩૭ થી સાહેદ રાજેન્દ્રસિંહ વરસુભા ગોહિલ |
| ૬. | આંક-૩૯ થી પોલીસ સાહેદ દિલીપભાઈ મણીલાલ પરમાર |
| ૭. | આંક-૪૫ થી પોલીસ સાહેદ નિર્મલસિંહ વદુજી રહેવર |
| ૮. | આંક-૫૫ થી પોલીસ સાહેદ અશ્વિનસિંહ પૃથ્વિરાજસિંહ જાડેજા |

(૪) આ કામે ફરીયાદપક્ષે મહત્વના સાક્ષીઓ એવા પંચોને તપાસ્યા બાદ હાલના કેસના સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ હોય તથા આરોપીનું વિશેષ નિવેદન લેવા જેવો પુરાવો રેકર્ડ પર આવેલ હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.

(૫) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદા ::-**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ ગુન્હા કામના પકડાયેલા આરોપી વિરમ છગન કોલીના માલિકીના ટ્રક નં જીજે-૦૭-ઝેડ-૭૫૨૪ કી.રૂ ૭.૦૦,૦૦૦/-વાળામાં આ ગુન્હા કામના નાશતા ફરતા આરોપી પુના ભાણા ભરવાડએ ગેરકાયદેસર રીતે ગુજરાત રાજ્યમા દારુબંધી એરીયામાં ભારતીય બનાવટનો અલગ -અલગ બ્રાન્ડનો અંગ્રેજી દારૂની કુલ બોટલ નંગ- ૨૩૫૨ કંપની શલીબંધ જેની કુલ કિ.રૂ. ૯.૮૧.૧૮૦/-નો આરોપીઓએ એકબીજાની મદદગારીથી વેચાણઅર્થે મંગાવી ઉપરોક્ત ટ્રકમાં અંગ્રેજી દારૂ વેચાણ કરવા ભરી કચ્છ જીલ્લામાં ઘુસાડી આમ કુલે કિ.રૂ. ૧૬,૮૧,૧૮૦/- ના મુદામાલ સાથે મજકુર આરોપી વિરમ છગન કોલી

રહે,અંજાર વાળો પકડાઈ જઈ તેમજ વોન્ટેડ આરોપી પુના ભાણા ભરવાડ રહે,રાપર વાળો તથા સંજય પ્રભુભાઈ કોલી રહે.કીડીયાનગર તા,રાપર વાળો તપાસ દરમ્યાન મળી આવેલ ન હોય,પ્રોહીબીશન એકટ કલમ- ૬૫(એઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮ (૨) નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દા પરત્વેના નિર્ણય નીચે પ્રમાણે છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**(૭) મુદ્દા નં. ૧ .**

(૭.૧) ફોજદારી ન્યાયશાસ્ત્રના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેના ગુન્હો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવો રજુ કરી આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા જોઈએ.

(૭.૨.) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા આંક-૨૮ થી પંચસાહેદ ભરતભાઇ દાનાભાઇ પરમાર તથા આંક-૩૦ થી પંચસાહેદ શીવાભાઇ બાબુભાઇ ઘાયટી નાઓને તપાસેલ છે. આ સાહેદોએ પંચ નામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ તે સિવાય પંચનામાની હકીકતો સબંધે કંઈ કહેતા નથી. આમ, આ પંચસાહેદોએ આંક-૨૯ ના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

(૭.૩) ફરીયાદપક્ષે આંક-૧૯ થી ફરીયાદી રમેશભાઇ તુલસીભાઇ પટેલનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, ગઈ તા ૦૧.૧૧.૨૦૧૯ ના રોજ અમો આડેસ પોલીસ સ્ટેશનમા હાજર હતા તે દરમીયાન કલાક ૧૯:૦૦ વાગે પી.એસ.આઇ રહેવર સાહેબે ફોનથી જાણ કરેલ કે કીડીયાનગરથી હમીરપર જવાના રોડ પર ઇગ્લીશદારૂની ગાડી આવવાની બાતમી હોઇ જેથી અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા રહો તેવી જાણ કરતા અમો તથા રાજેન્દ્રસિંહ ગોહીલ પો. કો. દીલીપભાઇ પો. કો. મકનસિંહ, પો. કો. દલપતસિંહ તથા નટવરજી ઠાકોર વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રા.વાહનથી સદર બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ તે દરમીયાન કીડીયાનગર હમીરપર પેટ્રોલીગ કરતા કરતા નાની હમીરપર

નદી તરફ આવતા તે દરમીયાની પી.એસ.આઇ. રહેવર સાહેબ પણ ત્યાં આવી જતા પી.એસ.આઇ. શ્રી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ નદીમાં કાચા રસ્તા પર એક ટ્રક જોવામા આવેલ જેના જી.જે. ૦૭ જેડ ૭૫૨૪ વાળી મળી આવેલ જેથી સદરહુ ટ્રક બાતમીવાળી જ હોઇ જેથી પી.એસ.આઇ. શ્રી અમોને બે પંચોને બોલાવી લાવવાનુ જણાવતા પંચ- ૧ ભરતભાઇ પંચ-૨ શીવાભાઇ બંને રહે હમીરપર વાળાઓને સાથે રાખી સદર ટ્રકની કેબીન ચેક કરતા કોઇ માણસ હાજર મળી આવેલ નહી જેથી સદર ટ્રકની પાછળના ઠાઠાના ભાગે ચેક કરતા ઇંગ્લીશ દારૂની પેટીઓ ભરી મળી આવેલ જેમા મેક્ડોવેલ વ્હીસ્કીની પેટીઓ નંગ-૧૩૯ તથા રોયલ ચેલેન્જર્સ વ્હીસ્કીની પેટીઓ નંગ-૫૭ મળી આવેલ મળી આવેલ દારૂની બોટલોમાંથી એક-એક બોટલ પંચોની તથા પોલીસની સહીવાળી કાપલીઓ લગાવી એફ.એસ.એલ. માટે મોકલવા તજવીજ કરવામા આવેલ તેમજ મળી મુદામાલ ટ્રકની કી. રૂ. ૭,૦૦,૦૦૦/- ગણી પંચનામાની વિગતે કબજે કરેલ મળી આવેલ જેથી પંચો રૂબરૂ પી.એસ.આઇ રહેવર સાહેબે પંચનામુ કરેલ સદર પંચનામુ રાત્રીનો સમય બેટરીના અજવાળે તેમજ સરકારી વાહનની જીપના અજવાળે કરવામા આવેલ આ વખતે સદર રેડમા અમો સાથે હાજર હોઇ સદર ટ્રક તથા ઇંગ્લીશ દારૂની પેટીઓ આડેસર પોલીસ લાવી અમોએ ટ્રક નંબર જી.જે. ૦૭ ઝેડ ૭૫૨૪ વાહન ચાલક વિરુધ્ધ કાયદેસર થવા માટે શ્રી સરકાર તરફે અમોએ પી. એસ. ઓ. શ્રી બી. બી. ઝાલાનાઓને દાખલ થવા યાદી સાથે આપવામા આવેલ આ રેડમા અમો સાથે રહી પી.એસ.આઇ સાહેબના ફરમાન મુજબ કામ કરેલ. સદર ગુનાની ફરીયાદ મને આજરોજ બતાવવામા આવે છે જેમા ફરીયાદી તરીકે મારી સહી છે જે આજરોજ હુ ઓળખી બતાવુ છુ તથા રૂબરૂ તરીકે એન.વી.રહેવર સાહેબની સહી છે. જે હુ ઓળખી બતાવુ છુ. જે આ કામે આરોપીના વિ.વ.શ્રીના વાંધા સાથે રજુ દાખલ આંક-૨૦. આરોપીને હું ઓળખતો નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે રોલ કોલમા ડયુટી નકકી થતી હોય છે. એ વાત ખરી છે કે અમોને રહેવર સાહેબે પેટ્રોલીંગમા જવાનુ કહેતા અમો પેટ્રોલીંગમા ગયેલા. એ વાત ખરી છે કે રહેવર સાહેબે ફોનથી પેટ્રોલીંગમા જવાનુ કહેલ. એ વાત ખરી છે કે રહેવર સાહેબે જે ફોન કરેલ તે ફોન નંબર મે મારી ફરીયાદમાં લખાવેલ નથી. અમો પોલીસ સ્ટેશનથી હમીરપર ગયેલા. એ વાત ખરી છે કે હમીરપર રસ્તા પર સતત વાહનોની

અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગમા પ્રા.વાહનથી ગયેલ. એ વાત ખરી છે કે પ્રા. વાહનનો રજીસ્ટર નંબર ફરીયાદમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રા. વાહન કોની માલીકીનુ હતુ તે પણ મે મારીય ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે અમોને બાતમી જાણ થઇ તે જગ્યાએથી બાતમીવાળી જગ્યા જોઇ શકાય તેમ ન હતી. એ વાત ખરી નથી કે બાતમીની નોધ પોલીસ સ્ટેશનમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલબુક નીભાવવાની હોય છે. એ વાત ખરી છે કે પેટ્રોલબુકનો ઉતારો તપાસ કરનાર અધિકારીને આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અમારુ કોઇ વિશેષ નીવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે મુદામાલ બીનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે ફરીયાદ કરતા સમયે વાહનની આર. સી. બુક મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમા આવો કોઇ વાહન કે મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે રાત્રીનો સમય હતો. એ વાત ખરી છે કે મે મારી ફરીયાદમા એવુ લખાવે નહી કે પંચનામુ બેટરીના અજવાળે કરવામા આવેલ. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મુદામાલ એફ.એસ.એલ ખાતે મોકલવામા આવેલ નહી. એ વાત ખરી નથી કે રહેવર સાહેબના કહેવાથી ફરીયાદ કરેલ. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ મળી આવેલ ન હોવા છતા આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપું છું.

(૭.૪) ફરીયાદપક્ષે આંક–૩૬ થી પોલીસ સાહેદ નટવરજી વેલાજી ઠાકોરનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, ગઇ તા ૦૧.૧૧.૨૦૧૯ ના રોજ અમો આડેસ પોલીસ સ્ટેશનમા હાજર હતા તે દરમીયાન કલાક ૧૯:૦૦ વાગે પી.એસ.આઇ રહેવર સાહેબે ફોનથી જાણ કરેલ કે કીડીયાનગરથી હમીરપર જવાના રોડ પર ઇગ્લીશદારૂની ગાડી આવવાની બાતમી હોઇ જેથી અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા રહો તેવી જાણ કરતા અમો તથા રાજેન્દ્રસિંહ ગોહીલ પો. કો. દીલીપભાઇ પો. કો. મકનસિંહ, પો. કો. દલપતસિંહ તથા રમેશભાઇ તુલશીભાઇ પટેલ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રા.વાહનથી સદર બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ તે દરમીયાન કીડીયાનગર હમીરપર પેટ્રોલીગ કરતા કરતા નાની હમીરપર નદી તરફ આવતા તે દરમીયાની પી.એસ.આઇ. રહેવર સાહેબ પણ ત્યાં આવી જતા પી.એસ.આઇ. શ્રી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ

નદીમાં કાચા રસ્તા પર એક ટ્રક જોવામા આવેલ જેના જી.જે. ૦૭ જેડ ૭૫૨૪ વાળી મળી આવેલ જેથી સદરહુ ટ્રક બાતમીવાળી જ હોઇ જેથી પી.એસ.આઇ. શ્રી ફરીયાદી રમશેભાઇને બે પંચોને બોલાવી લાવવાનુ જણાવતા પંચ– ૧ ભરતભાઇ પંચ–૨ શીવાભાઇ બંને રહે હમીરપર વાળાઓને સાથે રાખી સદર ટ્રકની કેબીન ચેક કરતા કોઇ માણસ હાજર મળી આવેલ નહી જેથી સદર ટ્રકની પાછળના ઠાઠાના ભાગે ચેક કરતા ઇગ્લીશ દારૂની પેટીઓ ભરી મળી આવેલ જેમા મેક્ડોવેલ વ્હીસ્કીની પેટીઓ નંગ–૧૩૯ તથા રોયલ ચેલેન્જર્સ વ્હીસ્કીની પેટીઓ નંગ–૫૭ મળી આવેલ મળી આવેલ દારૂની બોટલોમાંથી એક–એક બોટલ પંચોની તથા પોલીસની સહીવાળી કાપલીઓ લગાવી એફ.એસ.એલ. માટે મોકલવા તજવીજ કરવામા આવેલ તેમજ મળી મુદામાલ ટ્રકની કી. રૂ. ૭,૦૦,૦૦૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ મળી આવેલ જેથી પંચો રૂબરૂ પી.એસ.આઇ રહેવર સાહેબે પંચનામુ કરેલ સદર પંચનામુ રાત્રીનો સમય બેટરીના અજવાળે તેમજ સરકારી વાહનની જીપના અજવાળે કરવામા આવેલ આ વખતે સદર રેડમા અમો સાથે હાજર હોઇ સદર ટ્રક તથા ઇગ્લીશ દારૂની પેટીઓ આડેસર પોલીસ લાવી અમોએ ટ્રક નંબર જી.જે. ૦૭ ઝેડ ૭૫૨૪ વાહન ચાલક વિરુધ્ધ કાયદેસર થવા માટે શ્રી સરકાર તરફે રમેશભાઇ તુલશીભાઇ પટેલનાઓ એન. વી. રહેવર સાહેબની રૂબરૂમાં આપેલ અને પી.એસ.ઓ. શ્રી બી.બી.ઝાલાનાઓને દાખલ થવા યાદી સાથે આપવામા આવેલ આ રેડમાં અમો સાથે રહી પી.એસ.આઇ. સાહેબના ફરમાન મુજબ કામ કરેલ. ત.ક.અ. અમારુ નિવેદન લીધેલ. આરોપીને હુ ઓળખુ છુ. જે આજરોજ કોર્ટમા હાજર નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે રોલ કોલમા ડયુટી નકકી થતી હોય છે. અમો પેટ્રોલીંગમા ૧૯:૦૦ વાગે નીકળેલા. પેટ્રોલીંગમા અમો પ્રાઇવેટ વાહનમા નીકળેલા. એ વાત ખરી છે કે પ્રાઇવેટ વાહનનો નંબર અમારા નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આવા કોઇ વાહનમા રેડમા ગયેલ ન હોવાથી પ્રાઇવેટ વાહનનો નંબર અમારા નીવેદનમા લખાવેલ નહી. બાતમી હમીરપરથી કીડીયાનગર જતા રોડ ઉપર અમારા સાહેબને મળેલ. એ વાત ખરી છે કે અમોને રહેવર સાહેબે પેટ્રોલીંગમા જવાનુ કહેતા અમો પેટ્રોલીંગમા ગયેલા. એ વાત ખરી છે કે રહેવર સાહેબે ફોનથી પેટ્રોલીંગમા જવાનુ કહેલ. એ વાત ખરી છે કે રહેવર સાહેબે જે ફોન કરેલ તે ફોન નંબર મે મારા નીવેદનમા લખાવેલ નથી. અમો પોલીસ

સ્ટેશનથી હમીરપર ગયેલા. એ વાત ખરી છે કે હમીરપર રસ્તા પર સતત વાહનોની અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પ્રા. વાહન કોની માલીકીનુ હતુ તે પણ મે મારા નીવેદનમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે અમોને બાતમી જાણ થઇ તે જગ્યાએથી બાતમીવાળી જગ્યા જોઇ શકાય તેમ ન હતી. એ વાત ખરી નથી કે બાતમીની નોધ પોલીસ સ્ટેશનમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલબુક નીભાવવાની હોય છે. એ વાત ખરી છે કે પેટ્રોલબુકનો ઉતારો તપાસ કરનાર અધિકારીને આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અમારુ કોઇ વિશેષ નીવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે મુદામાલ બીનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે નીવેદન લખાવતા સમયે વાહનની આર. સી. બુક મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમા આવો કોઇ વાહન કે મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે રાત્રીનો સમય હતો. એ વાત ખરી છે કે મે મારી નિવેદનમા એવુ લખાવે નહી કે પંચનામુ બેટરીના અજવાળે કરવામા આવેલ. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મુદામાલ એફ.એસ.એલ ખાતે મોકલવામા આવેલ નહી.

(૭.૫) ફરીયાદપક્ષે આંક–૩૭ થી સાહેદ રાજેન્દ્રસિંહ વરસુભા ગોહિલનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, ગઈ તા ૦૧.૧૧.૨૦૧૯ ના રોજ અમો આડેસર પોલીસ સ્ટેશનમા હાજર હતા તે દરમીયાન કલાક ૧૯:૦૦ વાગે પી.એસ.આઇ રહેવર સાહેબે ફોનથી જાણ કરેલ કે કીડીયાનગરથી હમીરપર જવાના રોડ પર ઇગ્લીશદારૂની ગાડી આવવાની બાતમી હોઇ જેથી અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા રહો તેવી જાણ કરતા અમો તથા નટવરજી વેલાજી પો. કો. દીલીપભાઇ પો. કો. મકનસિંહ, પો. કો. દલપતસિંહ તથા રમેશભાઇ તુલશીભાઇ પટેલ વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રા.વાહનથી સદર બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ તે દરમીયાન કીડીયાનગર હમીરપર પેટ્રોલીગ કરતા કરતા નાની હમીરપર નદી તરફ આવતા તે દરમીયાની પી.એસ.આઇ. રહેવર સાહેબ પણ ત્યાં આવી જતા પી.એસ.આઇ. શ્રી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ નદીમાં કાચા રસ્તા પર એક ટ્રક જોવામા આવેલ જેના જી.જે. ૦૭ જેડ ૭૫૨૪ વાળી મળી આવેલ જેથી સદરહુ ટ્રક બાતમીવાળી જ હોઇ જેથી પી.એસ.આઇ. શ્રી ફરીયાદી રમશેભાઇને બે

પંચોને બોલાવી લાવવાનુ જણાવતા પંચ– ૧ ભરતભાઇ પંચ–ર શીવાભાઇ બંને રહે હમીરપર વાળાઓને સાથે રાખી સદર ટ્રકની કેબીન ચેક કરતા કોઇ માણસ હાજર મળી આવેલ નહી જેથી સદર ટ્રકની પાછળના ઠાઠાના ભાગે ચેક કરતા ઇગ્લીશ દારૂની પેટીઓ ભરી મળી આવેલ જેમા મેક્ડોવેલ વ્હીસ્કીની પેટીઓ નંગ–૧૩૯ તથા રોયલ ચેલેન્જર્સ વ્હીસ્કીની પેટીઓ નંગ–પ૭ મળી આવેલ મળી આવેલ દારૂની બોટલોમાંથી એક–એક બોટલ પંચોની તથા પોલીસની સહીવાળી કાપલીઓ લગાવી એફ.એસ.એલ. માટે મોકલવા તજવીજ કરવામા આવેલ તેમજ મળી મુદામાલ ટ્રકની કી. રૂ. ૭,૦૦,૦૦૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ મળી આવેલ જેથી પંચો રૂબરૂ પી.એસ.આઇ રહેવર સાહેબે પંચનામુ કરેલ સદર પંચનામુ રાત્રીનો સમય બેટરીના અજવાળે તેમજ સરકારી વાહનની જીપના અજવાળે કરવામા આવેલ આ વખતે સદર રેડમા અમો સાથે હાજર હોઇ સદર ટ્રક તથા ઇગ્લીશ દારૂની પેટીઓ આડેસર પોલીસ લાવી અમોએ ટ્રક નંબર જી.જે. ૦૭ ઝેડ ૭પર૪ વાહન ચાલક વિરુધ્ધ કાયદેસર થવા માટે શ્રી સરકાર તરફે રમેશભાઇ તુલશીભાઇ પટેલનાઓ એન. વી. રહેવર સાહેબની રૂબરૂમા આપેલ અને પી. એસ. ઓ. શ્રી બી. બી. ઝાલાનાઓને દાખલ થવા યાદી સાથે આપવામા આવેલ આ રેડમા અમો સાથે રહી પી.એસ.આઇ સાહેબના ફરમાન મુજબ કામ કરેલ. ત.ક. અ અમારુ નિવેદન લીધેલ. આરોપીને હુ ઓળખુ છુ. જે આજરોજ કોર્ટમા હાજર નથી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે રોલ કોલમા ડયુટી નકકી થતી હોય છે. અમો પેટ્રોલીંગમા ૧૯:૦૦ વાગે નીકળેલા. પેટ્રોલીંગમા અમો પ્રાઇવેટ વાહનમા નીકળેલા. એ વાત ખરી છે કે પ્રાઇવેટ વાહનનો નંબર અમારા નીવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે આવા કોઇ વાહનમા રેડમા ગયેલ ન હોવાથી પ્રાઇવેટ વાહનનો નંબર અમારા નીવેદનમા લખાવેલ નહી. બાતમી હમીરપરથી કીડીયાનગર જતા રોડ ઉપર અમારા સાહેબને મળેલ. એ વાત ખરી છે કે અમોને રહેવર સાહેબે પેટ્રોલીંગમા જવાનુ કહેતા અમો પેટ્રોલીંગમા ગયેલા. એ વાત ખરી છે કે રહેવર સાહેબે ફોનથી પેટ્રોલીંગમા જવાનુ કહેલ. એ વાત ખરી છે કે રહેવર સાહેબે જે ફોન કરેલ તે ફોન નંબર મે મારા નીવેદનમા લખાવેલ નથી. અમો પોલીસ સ્ટેશનથી હમીરપર ગયેલા. એ વાત ખરી છે કે હમીરપર રસ્તા પર સતત વાહનોની અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે પ્રા. વાહન કોની માલીકીનુ હતુ તે પણ મે મારા નીવેદનમા

લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે અમોને બાતમી જાણ થઇ તે જગ્યાએથી બાતમીવાળી જગ્યા જોઇ શકાય તેમ ન હતી. એ વાત ખરી નથી કે બાતમીની નોધ પોલીસ સ્ટેશનમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલબુક નીભાવવાની હોય છે. એ વાત ખરી છે કે પેટ્રોલબુકનો ઉતારો તપાસ કરનાર અધિકારીને આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અમારુ કોઇ વિશેષ નીવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે મુદામાલ બીનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે નીવેદન લખાવતા સમયે વાહનની આર. સી. બુક મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમા આવો કોઇ વાહન કે મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે રાત્રીનો સમય હતો. એ વાત ખરી છે કે મે મારી નિવેદનમા એવુ લખાવે નહી કે પંચનામુ બેટરીના અજવાળે કરવામા આવેલ. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મુદામાલ એફ.એસ.એલ ખાતે મોકલવામા આવેલ નહી. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ મળી આવેલ ન હોવા છતા આરોપી સામે ખોટી ફરીયાદના સમર્થના નીવેદન આપેલ. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપું છું.

(૭.૬) ફરીયાદપક્ષે આંક–૩૯ થી પોલીસ સાહેદ દિલીપભાઇ મણીલાલ પરમારનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, ગઇ તા ૦૧.૧૧.૨૦૧૯ ના રોજ અમો આડેસ પોલીસ સ્ટેશનમા હાજર હતા તે દરમીયાન કલાક ૧૯:૦૦ વાગે પી.એસ.આઇ રહેવર સાહેબે રમેશભાઇ પટેલને ફોનથી જાણ કરેલ કે કીડીયાનગરથી હમીરપર જવાના રોડ પર ઇંગ્લીશદારૂની ગાડી આવવાની બાતમી હોઇ જેથી અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા રહો તેવી જાણ કરતા અમો તથા રાજેન્દ્રસિંહ ગોહીલ એ.એસ.આઇ. રમેશભાઇ પટેલ, પો. કો. મકનસિંહ, પો. કો. દલપતસિંહ તથા નટવરજી ઠાકોર વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રા.વાહનથી સદર બાતમીવાળી જગ્યાએ જવા રવાના થયેલ તે દરમીયાન કીડીયાનગર હમીરપર પેટ્રોલીગ કરતા કરતા નાની હમીરપર નદી તરફ આવતા તે દરમીયાની પી.એસ.આઇ. રહેવર સાહેબ પણ ત્યાં આવી જતા પી.એસ.આઇ. શ્રી તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સદર બાતમીવાળી જગ્યાએ નદીમાં કાચા રસ્તા પર એક ટ્રક જોવામા આવેલ જેના જી.જે. ૦૭ જેડ ૭૫૨૭ વાળી મળી આવેલ જેથી સદરહુ ટ્રક બાતમીવાળી જ હોઇ જેથી પી.એસ.આઇ. શ્રીએ

રમેશભાઇ પટેલને બે પંચોને બોલાવી લાવવાનુ જણાવતા પંચ– ૧ ભરતભાઇ પંચ–ર શીવાભાઇ બંને રહે હમીરપર વાળાઓને સાથે રાખી સદર ટ્રકની કેબીન ચેક કરતા કોઈ માણસ હાજર મળી આવેલ નહી જેથી સદર ટ્રકની પાછળના ઠાઠાના ભાગે ચેક કરતા ઈગ્લીશ દારૂની પેટીઓ ભરી મળી આવેલ જેમા મેક્ડોવેલ વ્હીસ્કીની પેટીઓ નંગ–૧૩૯ તથા રોયલ ચેલેન્જર્સ વ્હીસ્કીની પેટીઓ નંગ–૫૭ મળી આવેલ મળી આવેલ દારૂની બોટલોમાંથી એક–એક બોટલ પંચોની તથા પોલીસની સહીવાળી કાપલીઓ લગાવી એફ.એસ.એલ. માટે મોકલવા તજવીજ કરવામા આવેલ તેમજ મળી મુદામાલ ટ્રકની કી. રૂ. ૭,૦૦,૦૦૦/– ગણી પંચનામાની વિગતે કબજે કરેલ મળી આવેલ જેથી પંચો રૂબરૂ પી.એસ.આઇ રહેવર સાહેબે પંચનામુ કરેલ સદર પંચનામુ રાત્રીનો સમય બેટરીના અજવાળે તેમજ સરકારી વાહનની જીપના અજવાળે કરવામા આવેલ આ વખતે સદર રેડમા અમો સાથે હાજર હોઈ સદર ટ્રક તથા ઈગ્લીશ દારૂની પેટીઓ આડેસર પોલીસ લાવી અમોએ ટ્રક નંબર જી. જે. ૦૭ ઝેડ ૭૫૨૪ વાહન ચાલક વિરુધ્ધ કાયદેસર થવા માટે શ્રી સરકાર તરફે રમેશભાઇ પટેલ નાઓએ પી.એસ.ઓ. શ્રી બી. બી. ઝાલાનાઓને દાખલ થવા યાદી સાથે આપવામા આવેલ આ રેડમા અમો સાથે રહી પી.એસ.આઈ. સાહેબના ફરમાન મુજબ કામ કરેલ.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે રોલ કોલમા ડ્યુટી નકકી થતી હોય છે. મને રેડમાં જવા અંગેનું પટેલ સાહેબે જણાવેલ. અમો પોલીસ સ્ટેશનથી હમીરપર ગયેલા. એ વાત ખરી છે કે હમીરપર રસ્તા પર સતત વાહનોની અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગમા પ્રા.વાહનથી ગયેલ. એ વાત ખરી છે કે પ્રા. વાહનનો રજીસ્ટર નંબર નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રા. વાહન કોની માલીકીનુ હતુ તે પણ મે નિવેદનમાં લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે અમોને બાતમી જાણ થઇ તે જગ્યાએથી બાતમીવાળી જગ્યા જોઈ શકાય તેમ ન હતી. એ વાત ખરી નથી કે બાતમીની નોધ પોલીસ સ્ટેશનમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે અમારે પેટ્રોલબુક નીભાવવાની હોય છે. એ વાત ખરી છે કે પેટ્રોલબુકનો ઉતારો તપાસ કરનાર અધિકારીને આપેલ નથી. એ વાત ખરી છે કે આ કામે અમારુ કોઇ વિશેષ નીવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે મુદામાલ બીનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે રેડ સમયે

વાહનની આર. સી. બુક મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમા આવો કોઈ વાહન કે મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે રાત્રીનો સમય હતો. એ વાત ખરી છે કે મે નિવેદનમાં એવુ લખાવે નહી કે પંચનામુ બેટરીના અજવાળે કરવામા આવેલ. એ વાત ખરી છે કે મારી હાજરીમાં મુદામાલ એફ.એસ.એલ ખાતે મોકલવામા આવેલ નહી. એ વાત ખરી નથી કે આવો કોઇ મુદામાલ મળી આવેલ ન હોવા છતા આરોપી સામે ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટું નિવેદન આપેલ છે. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપું છું.

(૭.૭) ફરીયાદપક્ષે આંક-૪૫ થી પોલીસ સાહેદ નિર્મલસિંહ વદુજી રહેવરનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, હું સને ૨૦૧૯મા આડેસર પોલીસ સ્ટેશનમાં પો. સ. ઇ તરીકે ફરજ બજાવતો હતો તે દરમીયાન તા. ૦૧/૧૧/૨૦૧૯ કલાક ૧૯:૦૦ વાગે અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે કીડીયાનગરથી હમીરપર જવાના રોડ પર ઇગ્લીશદારૂની ગાડી આવવાની બાતમી હોઇ જેથી અમો તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમા રહો તેવી જાણ કરતા અમોએ રમેશભાઇ તુલશીભાઇ પટેલ તથા રાજેન્દ્રસિંહ ગોહીલ પો. કો. દીલીપભાઇ પો. કો. મકનસિંહ, પો. કો. દલપતસિંહ તથા નટવરજી ઠાકોર વિગેરે પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રા.વાહનથી સદર બાતમીવાળી જગ્યાએ જવા રવાના કરેલ તે દરમીયાન કીડીયાનગર હમીરપર પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીગ કરતા હતા અને ત્યારે નાની હમીરપર નદી તરફ આવતા તે દરમીયાન અમો સાથે સદર બાતમીવાળી જગ્યાએ પહોચેલ જયા નદીમાં કાચા રસ્તા પર એક ટ્રક જોવામા આવેલ જેના જી.જે. ૦૭ જેડ ૭૫૨૪ વાળી મળી આવેલ જેથી સદરહુ ટ્રક બાતમીવાળી જ હોઇ જેથી અમોએ રમેશભાઇ પટેલને બે પંચોને બોલાવી લાવવાનુ જણાવતા પંચ- ૧ ભરતભાઇ દાનાભાઇ પરમાર પંચ-૨ શીવાભાઇ બાબુભાઇ બંને રહે હમીરપર વાળાઓને બોલાવી લાવેલ અને પંચો સાથે રાખી સદર ટ્રકની કેબીન ચેક કરતા કોઇ માણસ હાજર મળી આવેલ નહી જેથી સદર ટ્રકની પાછળના ઠાઠાના ભાગે ચેક કરતા ઇગ્લીશ દારૂની પેટીઓ ભરી મળી આવેલ જેમા મેકડોવેલ વ્હીસ્કીની પેટીઓ નંગ-૧૩૯ જેમા બોટલ નંગ ૧૬૬૮ એક બોટલની કી. રૂ ૩૭૫ લેખે કુલ રુ ૬,૨૫,૫૦૦ તથા રોયલ ચેલેન્જર્સ વ્હીસ્કીની પેટીઓ નંગ-૫૭ જેમા બોટલ નંગ ૬૮૪ એક બોટલની કી. રુ ૫૨૦ લેખે કુલ રુ ૩,૫૫,૬૮૦/- એમ કુલ રૂપિયા ૯,૮૧,૧૮૦/નો ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી

આવેલ જેમાથી પંચો રૂબરૂ એફ. એસ. એલ માટે સેમ્પલ અર્થે દરેક બ્રાન્ડમાંથી એક એક બોટલ કાઢી લઈ તેના ઉપર પચોની તથા મારી સહી કરી ભીમાસર પોલીસ સ્ટેશનના હોદાનુ શીલ લગાડી કબ્જે કરવામા આવેલ તેમજ ટ્રક નંબર જી.જે. ૦૭ ઝેડ ૭૫૨૪ વાહનને કબ્જે લેવામા આવેલ જે અંગેનુ વિગતવારનુ પંચનામુ કલાક ૨૦:૪૫થી ૨૨:૩૫ સુધીનુ વાહનની લાઇટના અજવાળામાં પંચો રૂબરૂ કરવામા આવેલ મને આંક–૨૯ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે તેમજ આ ટ્રકમાંથી કોઇ ઇસમ મળી આવેલ નહી જેથી રમેશભાઇ તુલશીભાઇ પટેલે સદરહુ ગુનાની ફરીયાદ મારી રૂબરૂમાં આપેલ મને આંક ૨૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમા મારી સહી છે. તેમજ આ ગુનાના કામે મુદામાલ પાવતી નંબર ૧૨૭/૨૦૧૯ સદરહુ ગુનાના કામે કબ્જે કરેલ ઇગ્લીશ દારૂ તેમજ ટ્રકની મુદામાલ પાવતી મને આંક–૨ વાળી બતાવવમા આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. સદરહુ ગુનાના કામે રેડમા સાથે રહેલ પોલીસ કર્મચારીઓના અમોએ નીવેદન લીધેલા તેમજ એફ. એસ. એલ માટે લીધેલ સેમ્પલને એફ. એસ. એલ માં મોકલવા માટે માટે ડી. વાય એસ. પી ભચાઉનાઓની પરવાનગી પત્રક મેળવી અમારી સહીથી રવાનગી પત્રક બનાવી એફ. એસ. એલ મા મોકલવામા આવેલ જે રવાનગી પત્રક મને બતાવવામાં આવે છે જેમા મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૪૬ આપવામાં આવે છે. તેમજ પકડાયેલ ગાડીના માલીકની ખરાઇ કરવા બાબતે અમોએ આર. ટી. ઓ ભુજનાઓને પત્ર લખેલ. તેમજ એફ. એસ. એલ. અધિકારીશ્રીનો સદરહુ ગુના કામે રીપોર્ટ આવેલ જેમા તપાસણી અધિકારી તરીકે વાય. એસ. પટેલનાઓની સહી છે.જે ઓળખી બતાવુ છુ. જેને રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે. ત્યારબાદ અમો સસ્પેન્ડ થયેલ હોય જેથી સદરહુ ગુનાની આગળની તપાસ સુપ્રત કરવામા આવેલી.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે રોલ કોલમા ડયુટી નકકી થતી હોય છે. અમો પોલીસ સ્ટેશનથી હમીરપર ગયેલા. એ વાત ખરી છે કે હમીરપર રસ્તા પર સતત વાહનોની અવર–જવર રહેતી હોય છે. એ વાત ખરી છે કે અમો પેટ્રોલીંગમા પ્રા.વાહનથી ગયેલ. એ વાત ખરી છે કે પ્રા. વાહનનો રજીસ્ટર નંબર મારી રૂબરૂની ફરીયાદમા લખાવેલ નથી. એ વાત ખરી છે કે પ્રા. વાહન કોની માલીકીનુ હતુ તે પણ મારા રૂબરૂનસ ફરીયાદમાં લખાવેલ

નથી. એ વાત ખરી છે કે પ્રાથમિક પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી છે કે અમોને બાતમી જાણ થઇ તે જગ્યાએથી બાતમીવાળી જગ્યા જોઇ શકાય તેમ ન હતી. એ વાત ખરી નથી કે બાતમીની નોધ પોલીસ સ્ટેશનમાં રાખવાની હોય છે. એ વાત ખરી છે કે આ કામે ફરીયાદીનુ કોઇ વિશેષ નીવેદન લેવામા આવેલ નથી. એ વાત ખરી છે કે મુદામાલ બીનવારસુ મળી આવેલ. એ વાત ખરી છે કે મારી રૂબરૂની ફરીયાદ કરતા સમયે વાહનની આર. સી. બુક મે જોયેલ નહી. એ વાત ખરી નથી કે મારી હાજરીમા આવો કોઇ વાહન કે મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે બનાવ વખતે રાત્રીનો સમય હતો. એ વાત ખરી નથી કે મે મારી રૂબરૂની ફરીયાદમા એવુ લખાવે નહી કે પંચનામુ બેટરીના અજવાળે કરવામા આવેલ.એ વાત ખરી નથી કે મારી હાજરીમા એફ. એસ. એલ મુકવામા આવેલ નહી કે મુદામાલ વાહન અંગે આર. ટી. ઓ મા કોઇ રીપોર્ટ કરેલ નહી. એ વાત ખરી છે કે મારા રૂબરૂની ફરીયાદમા કોઇ આરોપીનુ નામ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ કોઇ પંચનામુ કરવામા આવેલ નહી. એ વાત ખરી નથી કે, સાહેદોના નીવેદન ફરીયાદને અનુરૂપ મે જાતે લખી લીધેલ. એ વાત ખરી નથી કે સોગંધ ઉપર ખોટી જુબાની આપું છું.

(૭.૮) ફરીયાદપક્ષે આંક-૫૫ થી પોલીસ સાહેદ અશ્વિનસિંહ પૃથ્વિરાજસિંહ જાડેજાનાઓને સોગંદ પર તપાસવામાં આવતા તેઓ જણાવે છે કે, અમો સને ૨૦૧૯ની સાલમાં આડેસર પોલીસ સ્ટેશનમા પોલીસ સબ ઇન્સપેકટર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે આડેસર પો.સટે. પ્રોહી ગુ.ર.નં.૫૧૯૮/૨૦૧૯ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨) મુજબના ગુનાના કામે અગાઉના ત.ક.અ.શ્રી બી.વી.ચુડાસમા સાહેબનાઓ તપાસ કરતા હતા અને ત્યારબાદ બી.વી.ચુડાસમા સાહેબ સસ્પેન્ડ થતાં આ ગુનાની આગળની તપાસ અમોને સોપતા તપાસ અમોએ સંભાળી લીધેલ અને કામે વીરમ છગનભાઇ સુરાણી રહે. અંજાર વાળો તા.૨૦/૬/૨૦૨૦ના રોજ અટક રવામાં આવેલ અને ત્યારબાદ નામદાર કોર્ટમાં રીમાન્ડ માટે રજુ કરવામાં આવેલ અને રીમાન્ડ પુરા થતા નામદાર કોર્ટમાં આરોપીને રજુ કરેલ.સદર ગુન્હા કામે તપાસ કરતાં અન્ય આરોપી પુના ભાણા ભરવાડ તથા સંજય પ્રભુભાઇ કોલી નાઓનુ નામ ખુલતા આ આરોપીઓની વિરૂદ્ધ ૭૦ મુજબના વોરંટની કાર્યવાહી કરવામાં આવેલ તેમજ પકડાયેલ આરોપી વીરમ છગન સુરાણી નાઓ વીરુધ ચાર્જશીટ કરવા પુરતા પુરાવા હોઇ તેમના

વીરુધ્ધ વીરુધ્ધમાં ચાર્જશીટ તૈયાર કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ તેમજ પુના ભાણા ભરવાડ તથા સંજય પ્રભુભાઇ કોલી નાઓને કોલમ નંબર ૧૨ માં વોન્ટેડ બતાવવામાં આવેલ. આ કામના આરોપીને હું ઓળખી શકુ છું.

બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે આ ગુનાની તપાસ કરવા માટે કોઇ લેખતી હુકમ મળેલ નથી.સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આડેસર પોલીસ સ્ટેશનનો ચાર્જ સંભાળતા તપાસ સંભાળેલી.એ વાત ખરી છે કે મારી રુબરુ કોઇ પંચનામુ કરવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે અમોએ કોઇ જ સાહેદોના નીવેદન લીધેલ નથી.એ વાત ખરી નથી કે આરોપીના સ્વતંત્ર કબ્જામાંથી મુદામાલ મળી આવેલ નહી. એ વાત ખરી છે કે ફરીયાદમાં વીરમ છગન સુરાણીનુ નામ પણ નથી. એ વાત ખરી છે કે કોઇપણ સાહેદોના વીશેષ નીવેદન લીધેલા નથી. એ વાત ખરી છે કે મે માત્ર આરોપીની અટક કરી તેની વીરુધ્ધ ચાર્જશીટ કરેલ છે.એ વાત ખરી નથી કે આરોપી સામે કોઇ પણ જાતનો પુરાવો ન હોવા છતા તેના વીરુધ્ધ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૮) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે તેઓના વિ.વ.શ્રીની દલીલો સાંભળી. વિ.એ.પી.પી.શ્રી જણાવે છે કે, આ કામના આરોપી પાસેથી પોલીસ પંચો રૂબરૂ પ્રોહી મુદ્દમાલ કબજે કરેલ છે. ફરીયાદપક્ષના કેસને પંચો સમર્થન ન આપતા હોય, આમ, છતાં પોલીસ સાહેદને ન માનવા માટેનું કોઈ દેખીતું કારણ નથી. જેથી આરોપીને નવા પ્રોહીબીશન એકટ મુજબ ૩ વર્ષની કેદની સજા થવી જોઈએ. આ કામના આરોપીના વિ.વ.શ્રી તેઓની દલીલમાં જણાવે છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે. તેઓ સામેના જે આક્ષેપ થયેલ છે તે પ્રકાર નો કોઈ ગુનો આરોપીએ કરેલ નથી. આરોપીને ગુનાના કામે તદ્દન ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં આરોપી સામે જે કલમો હેઠળ તહોમતનામુ મુકવામાં આવેલ છે તે કલમોના કોઈ આવશ્યક તત્વો પુરવાર થતા નથી. તપાસ કરનાર અધિકારીએ આ કામે તપાસ દરમ્યાન કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચોએ ફરીયાદપક્ષના કેસને મદદ કરેલ નથી. તે તમામ સંજોગોમાં આરોપીને ગુનાના કામે નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આમ, સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષ પક્ષના કેસ મુજબ તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની તારીખ અને સમયે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન આરોપી પાસેથી વિના પાસ પરમીટનો પ્રોહી મુદ્દામાલ મળી આવતાં આરોપીઓ સામે ગુજરાત પ્રોહીબીશન એકટ કલમ-૬૫ એઈ, ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ હાલનો કેસ દાખલ કરેલ છે.

(૯) ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીના કબજામાંથી તેઓએ પંચો રૂબરૂ પ્રોહી મુદ્દામાલ કબજે કરેલ છે. આ સમગ્ર કેસની હકીકતો જોતાં ફરીયાદપક્ષ ધ્વારા આ કામે ફકત પોલીસ સાહેદો જ તપાસેલાં છે.જયારે ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવવાળું સ્થળ જાહેર વિસ્તાર હતો અને ત્યાં ઘણાં બધા માણસો રહેતા હતાં તો ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત. તેટલું જ નહી પણ ફરીયાદપક્ષના કેસ મુજબ જ પંચની રૂબરૂમાં આરોપી પાસેથી જે પ્રોહી મુદ્દામાલ કબજે કરવામાં આવેલ તે પંચોની કોર્ટ રૂબરૂની જુબાનીમાં તેઓ પંચનામાની કોઈ વિગત તેઓ જાણતા નથી અને તેઓએ ફકત તૈયાર પંચનામા માં પોલીસના કહેવાથી સહી કરેલ હતી. આમ, આ પંચ ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન આપતા નથી. તે જ રીતે પ્રોસીકયુશનના કોઈ સાહેદ ધ્વારા આરોપીઓ પાસેથી પકડાયેલ બોટલ ઉપર તેના ઉત્પાદકનુ અસલ લેબલ હતુ તેવુ પણ કોઈ કથન કરેલ નથી કે ઈગ્લીશ દારૂની બોટલ ઉપરનુ લેબલ અસલ છે કે નહી તે બાબતે ઈગ્લીશ દારૂની બોટલ ઉપર જણાવેલ ઉત્પાદકનું નિવેદન લીધેલ નથી. વધુમાં આ કામે જે જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યો છે તે જગ્યાના માલિકીના પુરાવા રજુ કરેલ નથી. વધુમાં આ કામે કોઈ પોલીસ સ્ટાફના માણસો સિવાય અન્ય કોઈ સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપી પાસેથી પ્રોહી મુદ્દામાલ મળી આવેલ હોવાનું સાબીત થતુ નથી.

આમ, ફરીયાદપક્ષના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:: **હુકમ** ::

(૧) આ કામના આરોપી **વિરમભાઈ છગનભાઈ સુરાણી (કોલી),** રહે. ગામ અંજાર નગરપાલીકા સામે, અંજાર (કચ્છ) નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમઃ ૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એઈ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) મુદામાલ વાહન/મોબાઈલ વગેરે અંગે તેમજ મુદ્દામાલ દારૂ અંગે આ સાથેના અન્ય આરોપીઓ કેસોના નિકાલ સમયે જે આખરી હુકમ કરવામાં આવે તે મુજબનો હુકમ હાલના આ કેસમાં લાગુ પડશે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૫/૦૬/૨૦૨૬.
મુ.રાપર

**(કુલદીપ મુકેશકુમાર ગઢવી)**
જ્યુડી.મેજી.ફ.ક., રાપર.
જજ કોડ જીજે૦૧૫૫૫